# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/226 Dt. 02/12/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સમાં સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ પર સેશન યોજાયું

## શેરબજારના નિષ્ણાંતોએ અનલિસ્ટેડ શેરોમાં રોકાણ, લાંબા ગાળાના મૂડી લાભ પર કરમુક્તિ કંઈ રીતે લઈ શકાય, સેબીના નિયમો અને પાલન વિશે વિગતે સમજ આપી

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, 15મી નવેમ્બર 2025 ના રોજ સાંજે 5:30 વાગ્યે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે “Smart Investment & Compliance Strategies for Modern Investors” વિષય પર એક માર્ગદર્શક સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટોક માર્કેટ, અનલિસ્ટેડ શેર, સેબી નિયમો અને શેર લે-વેચ પર આવકવેરાની અસર જેવા વિષયો પર નિષ્ણાત વક્તાઓએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે છેલ્લા 5 મહિનામાં 250થી વધુ કાર્યક્રમો થઈ ચૂક્યા છે. રોકાણ કરવું જ પૂરતું નથી, ઓછા જોખમે વધુ વળતર સાથે સ્માર્ટ રોકાણ કરવું અને સાથે જ કાયદાનું પાલન અને સમજ પણ અત્યંત જરૂરી છે.

સીએ શ્રી રશેષ શાહે શેરબજારમાં રોકાણની આવકવેરા અધિનિયમ અંગેની અસરો પર બોલતા એલટીસીજી-એસટીસીજી વિશે માહિતી આપી હતી. તેમણે લોકોને સૌથી વધુ મૂઝવતા પ્રશ્ન બિઝનેસ ઈન્કમ વિ. મૂડી લાભ વિશે પણ સમજણ આપી હતી અને વિવિધ ચુકાદાઓને ટાંક્યા હતા. સાથે તેમણે પીએમએસમાં રોકાણ, ડેરિવેટિવ્ઝ કામકાજ, એફ એન્ડ ઓ ટ્રેડર્સ પર આવકવેરા કાયદાની અસરોની સાથે મ્યુ. ફંડોમાં ખાસ કરીને ડેટ ફંડોમાં રોકાણ પર આવકવેરાની જોગવાઈઓ સમજાવી હતી. તેમણે આવકવેરાની કલમ 54એફ હેઠળ લાંબા ગાળાના મૂડી લાભ પર કેવી રીતે કરમુક્તિ મેળવી શકાય એ સમજાવ્યું હતું.

સીએ મિલન શાહે અનલિસ્ટેડ શેરોમાં તક વિશે બોલતા કહ્યું કે કોઇ પણ શેરબજાર પર લિસ્ટેડ ન થયા હોય તેવા શેર એટલે અનલિસ્ટેડ શેરો. એમાં ચાર વિકલ્પ હોય છે, સ્ટાર્ટ અપ, પ્રિ આઈપીઓ કંપની, એમ્પ્લોઈઝ સ્ટોક ઓપ્શન, પ્રાઇવેટ લિમિટેડ કંપનીઓ. હાઈ ગ્રોથ સંભાવના વિશે સમજાવતા કહ્યું કે ઝોમેટોના અનલિસ્ટેડ વખતે રોકાણ કરનારાને થોડા મહિનામાં નાણાં બમણાં થઈ ગયા. સ્માર્ટ ઈન્વેસ્ટર માટે તે સારું પોર્ટફોલિયો ડાઇવર્સિફિકેશન છે. શેરબજારની ચંચળતાની તેના પર અસર થતી નથી. તેમણે રાઈટ ઈશ્યુ એડવાઈઝરી, શેર વોરંટ અને પ્રેફરન્સ શેરો વિશે પણ સમજ આપી હતી. સાથે જ અનલિસ્ટેડ શેરોમાં રોકાણ કેવી રીતે કરવું, તેની તકો સાથે સંકળાયેલાં જોખમો અને પડકારો સમજવા તેમજ રિઆલિટી ચેક કરવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું કે રોકાણ કરતા પહેલાં વેલ્યુએશન સમજવું, એક્ઝિટ સ્ટ્રેટેજી સમજવી ખૂબ જરૂરી છે.

સીએ સૌરભ શાહે રોકાણકારોની સુરક્ષા, સેબીના નિયમોના પાલન અને ફરિયાદ નિવારણની પ્રક્રિયા વિશે વિગતે સમજણ આપી હતી. માર્જિન સ્ટેટમેન્ટ ચકાસણી, રેકોર્ડ બેક અપ રાખવા વગેરે વિશે સમજણ આપી હતી.

ચેમ્બરના ગ્રૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમનો હેતુ અને પૃષ્ઠભૂમિ રજૂ કરી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન શ્રી અયૂબ યાકુબઅલીએ વક્તાઓનો પરિચય આપ્યો હતો. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના સભ્ય શ્રી ભરત ધામેલિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમના અંતે વક્તાઓએ ઉપસ્થિત ઉદ્યોગકારો, વ્યવસાયિકો અને રોકાણકારોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા.